# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 09-07-2026** **EVENING: 7.10 TO 7.20**
**Day: THURSDAY** **Regional News**

**આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર પ્રવેશ અડિએચા વાંચે છે.**

*****************************************************

1) રાજ્ય સરકાર દ્વારા વિકસિત ભારત ડેટા સેન્ટર નીતિ 2026-29નો આજથી શુભારંભ.

2) કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રી નિતિન ગડકરીએ વૈકલ્પિક અને પર્યાવરણને અનુકૂળ ઇંધણ અપનાવવા પર ભાર મૂક્યો.

3) મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સુરતમાં વરસાદથી સર્જાયેલી સ્થિતિની સમીક્ષા કરી – ખાડીપૂરની સમસ્યાના કાયમી ઉકેલ માટે 500 કરોડ ફાળવવા નિર્ણય.

4) રાજ્યમાં વરસાદનું જોર ઘટ્યું – આજે માત્ર 2 તાલુકામાં સામાન્ય વરસાદ – ઉત્તર, દક્ષિણ અને મધ્ય ગુજરાતમાં આવતીકાલે વરસાદની આગાહી.

5) CMA ફાઉન્ડેશનનું પરિણામ જાહેર – અમદાવાદના મનોજ પટેલનો સમગ્ર દેશમાં નવમો ક્રમાંક.

6) મોરબીમાં યોજાયેલી ફૂટબૉલ સ્પર્ધામાં રાજકોટ અને જામનગરની ટીમ ફાઈનલમાં પહોંચી.

-------------------------------

સમાચારને અંતે (આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)
હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# GUJARAT DATA CENTRE POLICY

**રાજ્ય સરકાર દ્વારા વિકસિત ભારત ડેટા સેન્ટર નીતિ 2026-29નો આજથી શુભારંભ કરાયો. ભવિષ્યની ડેટા સેન્ટર્સની માંગ અને રાજ્યમાં ડિજિટલ ઇકોનોમી વધુ મજબૂત બનવાના સંકલ્પ સાથે ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ નીતિનો પ્રારંભ કરાવ્યો. તેનો ઉદ્દેશ આઠ ગીગાવૉટ ક્ષમતાના લક્ષ્યને નિર્ધારિત કરતા ભારતના અગ્રણી ડેટા સેન્ટર અને કૃત્રિમ બુદ્ધિમત્તા –A.I. કેન્દ્ર તરીકે રાજ્યને સ્થાપિત કરવાનો છે.**

## (VOICECAST: JAYESH PATEL)

(.....આ નીતિનો ઉદ્દેશ રાજ્યમાં છ લાખ કરોડ રૂપિયાના રોકાણને આકર્ષવાનો અને વધુ રોજગારીના સર્જનનો છે. ટકાઉ વિકાસ પ્રત્યે મજબૂત પ્રતિબદ્ધતા દર્શાવતી આ નીતિ અંતર્ગત ડેટા કેન્દ્રો માટે 51 ટકા હરિત ઉર્જાનો ઉપયોગ કરવા અને ક્ષારનિવારણ પ્લાન્ટથી જળ મેળવવું અનિવાર્ય છે. નીતિમાં સમાવિષ્ટ પ્રોત્સાહન મુજબ, ધોલેરા વિસ્તારમાં માન્ય સ્થિર મૂડી રોકાણ પર 2.5 ટકા સબસિડી અને 10 વર્ષની અંદર દાવો કરી શકાય છે. જ્યારે 10 વર્ષની ટર્મ લૉન પર ચાર ટકા સુધીની સબસિડી મળશે. તો, 20 વર્ષ માટે પ્રતિએકમ એક રૂપિયા સબસિડીથી લાંબાગાળાની કાર્યકારી બચત સુનિશ્ચિત થશે. ઉપરાંત જમીનના ભાડા અને ખરીદીના વ્યવહારો પર 100 ટકા મુક્તિ અપાશે. તો, ઇલેક્ટ્રિસિટી ડ્યૂટીનું 20 વર્ષ માટે 100 ટકા રીએમ્બર્સમેન્ટ એટલે કે, વળતર મળશે. ઉપરાંત 20 વર્ષ સુધી પ્લાન્ટ અને મશીનરી, બિલ્ડીંગ ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને માન્ય સેવાઓ પર રાજ્ય વસ્તુ અને સેવા કર- SGSTનું સંપૂર્ણ રીએમ્બર્સમેન્ટ અપાશે. તો, હાઈપરસ્કેલ અને તૈયાર માળખાકીય સુવિધાઓને સક્ષમ બનાવવા FSI, પાર્કિંગ, ગ્રાઉન્ડ કવરેજ અને તકનીકી જોગવાઈઓમાં છૂટછાટ અપાઈ છે.

જયેશ પટેલ, પ્રાદેશિક સમાચાર વિભાગ, અમદાવાદ.)

# NITIN GADKARI GNR

કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નિતિન ગડકરીએ પ્રદૂષણમુક્ત પરિવહનની હિમાયત કરતા પરંપરાગત ઇંધણ પરની આયાત ઘટાડવા વૈકલ્પિક અને પર્યાવરણને અનુકૂળ ઇંધણ અપનાવવા પર ભાર મૂક્યો હતો. ગાંધીનગરમાં મલ્ટીમોડલ ટ્રાન્સપોર્ટ શૉ 'પ્રવાસ'ના ઉદ્ઘાટન પ્રસંગે સંબોધન કરતા તેમણે દેશના અર્થતંત્ર અને પ્રગતિમાં પરિવહન ક્ષેત્રના મહત્વ પર વિશેષ ભાર મૂક્યો હતો. શ્રી ગડકરીએ જાહેર પરિવહનને સુવિધાજનક, આર્થિક રીતે પોસાય તેવું અને સુલભ બનાવવાની ઑપરેટર્સને અપીલ કરી હતી.

શ્રી ગડકરીએ ખાનગી બસ માટે પણ આગામી સમયમાં બસ પોર્ટ બનાવવામાં આવશે તેવી જાહેરાત કરી હતી.

## (BYTE: NITIN GADKARI – UNION MINISTER)

અગાઉ તેમણે દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વેના નિરીક્ષણ પ્રવાસ દરમિયાન દાહોદમાં દિલ્હી-વડોદરા એક્સપ્રેસવે પેકેજ-26ના બાંધકામ સ્થળની મુલાકાત લીધી હતી.

# SURAT CM VISIT

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ભારે વરસાદથી અસરગ્રસ્ત સુરત અને નવસારીની મુલાકાત લઈ સ્થિતિનો તાગ મેળવ્યો. સુરતમાં તેમણે મહાનગરપાલિકાના અધિકારીઓ સાથે બેઠક યોજી વરસાદથી પૂરની સ્થિતિ, સાફસફાઈ, રોગ નિયંત્રણ પગલા અને નુકસાનગ્રસ્ત વિસ્તારોમાં આર્થિક સહાય ચૂકવવાની કામગીરીની સમીક્ષા કરી. શ્રી પટેલે તમામ વરસાદી અસરગ્રસ્તોને ઝડપભેર કેશડોલ્સ એટલે કે, આર્થિક સહાય અને ઘરવખરી સહાય પૂરી પાડવા દિશાનિર્દેશ આપ્યા હતા.

આ અંગે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું, રાજ્ય સરકાર દ્વારા સુરતમાં ખાડીપૂરની સમસ્યાના કાયમી ઉકેલ માટે ખાડી વિકાસ માટે 500 કરોડ રૂપિયા ફાળવવાનો નિર્ણય કરાયો છે. નવી કામગીરીમાં કોઈ બેદરકારી હોય નવા રોડ તૂટ્યા હોય તો જવાબદારો સામે તાત્કાલિક પગલા લેવા સૂચના અપાઇ હોવાનું શ્રી સંઘવીએ ઉમેર્યું.

**(BYTE: HARSH SANGHAVI, DEPUTY CHIEF MINISTER)**

શ્રી પટેલ સુરતથી નવસારી પહોંચ્યા હતા, જ્યાં તેમણે નવસારી શહેર-જિલ્લામાં તાજેતરના ભારે વરસાદના કારણે સર્જાયેલી સ્થિતિ, તંત્રની બચાવ અને રાહતની કામગીરીની સમીક્ષા કરી હતી.

# STATE WEATHER FORECAST

રાજ્યભરમાં વરસાદનું જોર ઘટ્યું છે. દરમિયાન આગામી સાત દિવસ હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે. આવતીકાલે ઉત્તર, દક્ષિણ અને મધ્ય ગુજરાતમાં વરસાદની સંભાવના છે. હવામાન વિભાગના પ્રાદેશિક નિયામક ડૉક્ટર એ. કે. દાસે કહ્યું, રાજ્યમાં અત્યાર સુધી નવ ટકા ઓછો વરસાદ નોંધાયો છે.

**(BYTE: DR. A. K. DAS, DIRECTOR, IMD AHMEDABAD)**

# EVE STATE RAIN DATA

રાજ્યમાં આજથી વરસાદનું જોર ઘટતાં સાંજે 6 વાગ્યા સુધીમાં માત્ર 2 તાલુકામાં સામાન્ય વરસાદ નોંધાયો. આ સાથે રાજ્યમાં અત્યાર સુધી મોસમનો કુલ સરેરાશ 25 ટકા વરસાદ થતાં રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર નર્મદા યોજનામાં 66 ટકા જેટલો જળસંગ્રહ થયો છે. તો, 10 બંધને હાઈઅલર્ટ પર રખાયા છે.

બીજી તરફ, ચોમાસામાં પહેલી જૂનથી અત્યાર સુધીમાં વહીવટી તંત્ર દ્વારા 8 હજાર 162 લોકોનું સલામત સ્થળે સ્થળાંતર કરાયું. જ્યારે 3 હજાર 711 લોકોને બચાવાયા છે. જ્યારે માછીમારોને આગામી 12 તારીખ સુધી દરિયો ન ખેડવા સૂચના અપાઈ છે. દરમિયાન કોઈપણ કટોકટીને પહોંચી વળવા વિવિધ જિલ્લામાં રાષ્ટ્રીય આપત્તિ પ્રતિભાવ દળ – NDRFની 12 અને રાજ્ય આપત્તિ પ્રતિભાવ દળ – SDRFની 26 ટુકડી તહેનાત કરવામાં આવી છે.

# MID BREAK- NEWS- REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

**(ગોન્ગ મ્યુઝિક)**

---

**DESK**

# MODHVADIYA ON LION

વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડિયાએ અમરેલીમાં સિંહના હુમલાથી એક યુવકના મોત થવાની ઘટના અંગે પ્રતિક્રિયા આપી. તેમણે કહ્યું, સિંહદર્શન કરવા ગયેલા યુવાનોએ ઉશ્કેરણી કરતા સિંહે હુમલો કર્યો હોવાનું જણાયું છે. શ્રી મોઢવાડિયાએ લોકોને સિંહોની નજીક જવાનો પ્રયાસ ન કરવા અપીલ કરી છે.

**(BYTE: ARJUN MODHVADIA, FOREST AND ENVIRONMENT MINISTER)**

. . . . . . . . . . . . . . . . . .

PTC = GANDHINAGAR = PRAVESH ADIACHA = SHIRALI

# CMA FOUNDATION RESULT

સર્ટિફાઈડ મેનેજમેન્ટ એકાઉન્ટન્ટ- CMA ફાઉન્ડેશનના પરિણામમાં અમદાવાદ ચેપ્ટરનું 82 ટકા પરિણામ જાહેર થયું. ધ ઇન્સ્ટિટ્યૂટ ઓફ કોસ્ટ એકાઉન્ટન્ટ્સ ઓફ ઇન્ડિયા દ્વારા જાહેર કરાયેલા પરિણામ સાથે અમદાવાદનો પાંચ વર્ષનો વિક્રમ તૂટ્યો છે. અમદાવાદના મનોજ પટેલનો સમગ્ર દેશમાં નવમો ક્રમાંક આવ્યો છે. ગત 14 જૂને લેવાયેલી પરીક્ષા અમદાવાદમાં 222 વિદ્યાર્થીએ આપી હતી. તેમાંથી 182 વિદ્યાર્થી ઉત્તીર્ણ થયા છે. અમદાવાદ ચેપ્ટરમાં આઠમો ક્રમાંક મેળવનારા યશ પ્રજાપતિએ આ અંગે પ્રતિક્રિયા આપી.

(BYTE: YASH PRAJAPATI, CMA STUDENT)

# MRB FOOTBALL COMPETITION

મોરબીમાં સબ-જૂનિયર ગર્લ્સ ઇન્ટર ડિસ્ટ્રીક્ટ ફૂટબૉલ સ્પર્ધામાં રાજકોટ અને જામનગરની ટીમ ફાઈનલમાં પહોંચી. આવતીકાલે સવારે 10 વાગ્યે બંને ટીમ વચ્ચે ફાઇનલ મેચ રમાશે. ગુજરાત રાજ્ય ફૂટબૉલ સંગઠન દ્વારા યોજાયેલી સ્પર્ધાની સેમિફાઈનલ મેચમાં આજે રાજકાટે સુરત અને જામનગરે વડોદરાની ટીમને પરાજય આપ્યો હતો.

રાજકોટનાં યાના પીપળીયાએ બે અને હીર ખંડેડિયાએ એક ગૉલ કર્યો. જ્યારે જામનગરનાં અસ્મિતા કપ રાષ્ટ્રીય ખેલાડી જાંબુચા દયાએ પાંચ, ઉર્મિલા ધોરિયા, દિયા પટેલ અને સંજના મેનિયાએ બે-બે ગૉલ કર્યાં હતાં.

# AMDAVAD DEMOLITION

અમદાવાદમાં સાબરમતીથી મોટેરા નરેન્દ્ર સ્ટેડિયમ તરફ જતા માર્ગ પર આજથી દબાણ હટાવવાની મહાઝૂંબેશ હાથ ધરાઈ. રાષ્ટ્રમંડળ રમત અને ઑલિમ્પિક્સને ધ્યાનમાં રાખી નરેન્દ્ર મોદી સ્ટેડિયમની આસપાસના વિસ્તારનો વિકાસ કરાશે. તેના ભાગરૂપે મહાનગરપાલિકાના પશ્ચિમ ઝોનના એસ્ટેટ વિભાગ દ્વારા આ કામગીરી શરૂ કરવામાં આવી. 50થી વધુ વ્યાવસાયિક મિલકતોને તોડી માર્ગને 61 મીટર સુધી પહોળો કરાશે.

# MEHSANA RANJU TRAIN

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ દ્વારા કટોસણ રોડ બહુચરાજી રણુજ રેલવે લાઈન પર ટ્રેન સેવા ફરી શરૂ કરાશે. હાલ રેલવે સેફ્ટીના કમિશનર દ્વારા કટોસણ રોડ રણુજ વચ્ચેના 63 કિલોમીટર લાંબા રેલખંડનું નિરીક્ષણ કરાયું. ઉપરાંત 120 કિલોમીટર પ્રતિકલાકની ઝડપે ટ્રેનનું સ્પીડ ટ્રાયલ કરાશે. ત્યારબાદ ટ્રેન શરૂ કરાશે. જોકે, હાલમાં આ માર્ગ પર માલગાડીઓનું સંચાલન થઈ રહ્યું છે.

# FLOATING SHIP DWARKA

દેવભૂમિ દ્વારકાના દરિયામાં દીવાદાંડી સામે એક મોટું જહાજ દરિયાના પ્રવાહ સાથે તરતું જોવા મળ્યું હતું. તકનીકી ખામી અને ખરાબ હવામાનના કારણે જહાજ દરિયાના પ્રવાહ સાથે દ્વારકા તરફ ખેંચાઈ આવ્યું હોવાનું મનાઈ રહ્યું છે. ઘટનાની જાણ થતાં ભારતીય તટરક્ષક સહિત સંબંધિત તંત્ર એલર્ટ થયું છે. જહાજ સાથે સતત સંપર્ક સાધવાના પ્રયાસ ચાલી રહ્યા છે. જો પરિસ્થિતિ વધુ ગંભીર બનશે અથવા ખલાસીઓના જીવને જોખમ ઊભું થશે, તો તટરક્ષક દ્વારા હેલિકોપ્ટરની મદદથી બચાવ અભિયાન હાથ ધરાશે. હાલ તંત્ર દ્વારા સમગ્ર સ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે.